| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૧૫/૦૨/૨૦૨૦ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૦૭/૨૦૨૦**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :**

## અગાઉ લુંટ,વાહનચોરી તથા અન્ય ચોરીના આશરે વીસ જેટલા ગુનાઓમાં પકડાયેલ રીઢા આરોપીને પકડી ૮ ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેર વિસ્તારમાં બનેલ ઘરફોડ ચોરીના ગુનાઓ તથા ભીડભાડવાળી જગ્યાઓએ નજર ચુકવી પેસેન્જરોના પર્સ,મોબાઇલ ફોન અને કિમંતી સામાનની ચોરી કરવાના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ શ્રી અજયકુમાર તોમર ખાસ પોલીસ કમિશ્નર ક્રાઈમબ્રાન્ચ તથા શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી બી.વી.ગોહિલ મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમબ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા અને પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો તા.૧૪/૦૨/૨૦૨૦ ના રોજ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હે.કો.ભરતકુમાર શીવરામભાઇ તથા પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી મહેબુબ ઉર્ફે જોન્સન સ/ઓ આબિદભાઈ અબ્દુલસલામ સૈયદ ઉ.વ.૪૮ રહે.મીરઝાપુર,જનસત્તા પ્રેસની સામે,લલ્લુ રાવજીનો વંડો, અલકા વેલ્ડીંગવાળાની ઉપર, મીરઝાપુર, અમદાવાદ શહેર નાને શાહપુર ત્રણ ખુણિયા બગીચા પાસેથી પકડી લીધેલ અને તેમની પાસેથી અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૫ અને એક ઘડીયાળ મળી કુલ્લે કિરૂ.૩૨૦૦૦/-ની મતાનો મુદામાલ કબ્જે લેવામાં આવેલ છે.

## પકડાયેલ આરોપીનો ગુનાહીત પુર્વ ઇતીહાસ

પકડાયેલ આરોપી સને ૨૦૦૫ થી ૨૦૧૭ સુધીમાં શાહપુર, ખાડીયા, ગોમતીપુર,એલિસબ્રિજ,માધવપુરા, મણિનગર, ઈસનપુર,કાલુપુર પોલીસ સ્ટેશનમાં લુંટ અને વાહનચોરીઓના કુલ્લે ૨૦ જેટલા ગુનાઓમાં પકડાયેલ છે.તેમજ ૫-૬ વખત પાસા હેઠળ જુનાગઢ, સુરત, રાજકોટ જેલોમાં જઈ આવેલ છે.

## ૮ ગુનાઓ આચરેલ હોવાની કબુલાત,૪ ગુનાનો ભેદ ઉકેલાયો.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા તેણે નીચે મુજબના ગુનાઓ આચરેલ છે.

(૧) આજથી આશરે પાંચ છ દિવસ અગાઉ રાત્રિના સમયે લાલ દરવાજા સીદી સૈયદની જાળી સામે આવેલ ઈસ્કેર હોટલમાં જઈ હોટલના કાઉન્ટરમાંથી એક ટાઈટન કંપનીની કાંડા ઘડિયાળ તથા એક મોબાઈલનું ચાર્જર તથા એક કાળા કલરની બેગની ચોરી કરેલ.આ બનાવ અંગે કારંજ પો.સ્ટે દાખલ થયેલ ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૭૨૦૦૦૭૪/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૨) આજથી આશરે ત્રણેક માસ અગાઉ સીવીલ હોસ્પિટલ ખાતેથી એક ડોકટરના રુમમાંથી એક એક બ્લ્યુ કલરનો Redmi મોબાઈલ ફોન ચોરી કરેલ. આ બનાવ અંગે શાહીબાગ પો.સ્ટે દાખલ થયેલ ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૧૫૦/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૩) આજથી આશરે ચારેક માસ અગાઉ અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે રાત્રિના સમયે એક ટ્રેન ઉભી હોય તેમાં ચઢી ટ્રેનમાં સુતેલ એક પેસેંજરનું ખિસ્સું કાપી રોકડા રુપિયા ૫૦૦૦/- ની ચોરી કરેલ. આ બનાવ અંગે કાલુપુર રેલ્વે પો.સ્ટે ખાતે નોંધાયેલ ફસ્ટ ગુ.ર.નં.૨૧૧/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો શોધાયેલ છે.

(૪) આજથી આશરે સાડા ત્રણેક માસ અગાઉ અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે રાત્રિના સમયે એક ટ્રેન ઉભી હોય તેમાં પેસેંજરનો ચઢતાં હતાં તે વખતે ભીડનો લાભ લઈ એક પેસેંજરના ખિસ્સામાંથી એક પર્સ કાઢી લીધેલ. આ બનાવ અંગે કાલુપુર રેલ્વે પો.સ્ટે ખાતે નોંધાયેલ ફસ્ટ ગુ.ર.નં.૨૧૩/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો શોધાયેલ છે.

(૫) આજથી આશરે વીસેક દિવસ અગાઉ અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટ ફોર્મ નં.૩ ઉપર સાંજના સમયે એક ટ્રેનમાંથી એક પેસેંજરના કાળા કલરના આઈફોનની ચોરી કરેલ હતી.

(૬) આજથી આશરે દશેક દિવસ અગાઉ ગીતામંદિર પાસે એક ટ્રાવેલ્સની ઓફિસમાંથી વહેલી સવારના સમયે એક લાલ કલરનો OPPO કંપનીનો મોબાઇલ ફોનની ચોરી કરેલ હતી.

(૭) આજથી આશરે આજથી બે મહીના અગાઉ સેટેલાઈટ હિંમતલાલ પાર્ક ખાતેથી એક ઈસમના ખિસ્સામાંથી એક વાદળી કલરના VIVO કંપનીના મોબાઈલ ફોનની ચોરી કરેલ.

(૮) આજથી આશરે એકાદ માસ અગાઉ સવારના સમયે રીલીફ રોડ ઉપર આવેલ કોઝર હોટલમાંથી એક બ્લ્યુ કલરનો Redmi મોબાઈલ ફોનની ચોરી કરેલ

## શોધાયેલ ગુન્હા

(૧) કારંજ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૭૨૦૦૦૭૪/૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦

(૨) શાહીબાગ પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૦૦૧૫૦/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબ.

(૩) કાલુપુર રેલ્વે પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૨૧૧/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૪) કાલુપુર રેલ્વે પો.સ્ટે ફસ્ટ ગુ.ર.નં.૨૧૩/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

## પકડાયેલ આરોપીની એમ.ઓ.

પકડાયેલ આરોપીને મોજશોખ કરવા માટે પૈસાની જરૂર હોય જેથી અમદાવાદ શહેરમાં ગમે તે વિસ્તારમાં ફરતો અને જે જગ્યાએ મોકો મલે તે જગ્યાએથી લોકોના મોબાઇલ ફોન,પર્સ,રોકડા રૂપિયા વિગેરેની ચોરી કરતો હતો.પકડાયેલ આરોપીના જણાવ્યા મુજબ બીજા ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા છે



## મણીનગર પોલીસ સ્ટેશન

# પેસેન્જરોને રીક્ષામા બેસાડી ચોરી કરનાર આરોપીની અટકાયત કરતી મણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ‘ જે ’ ડીવીજન નાઓની સુચનાને આધારે તેઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ.એસ.એમ.પટેલ સાહેબનાઓએ મણીનગર પો.સ્ટે.વિસ્તારમા બનતા મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલંસ સ્કોડનાં પો.સ.ઈ જે.કે.બાવીસ્કર તથા સાથેના હે.કો વિક્રમભાઇ સાજણભાઇ બ.નં.૮૦૩૩ તથા તથા પો.કો. અર્જુનસિંહ ભાવસિંહ બ.નં.૯૯૯૬ તથા એલ.આર.સંજયભાઇ અશોકભાઇ બ.નં.૧૨૮૨ તથા એલ.આર.કિશોરભાઇ કાંતીભાઇ બ.નં.૫૬૮ તથા એલ.આર.પિયુષભાઇ પ્રવિણભાઇ બ.નં.૯૬૦ તથા એલ.આર.મનિષભાઇ દેવજીભાઇ બ.નં.૯૪૩ નાઓ સાથે પો.સ્ટે.વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક:૧૯/૦૦ વાગે મણીનગર મીરા ચાર રસ્તા પાસે જાહેર રોડ પર આવતા સાથેના એલ.આર.સંજયભાઇ અશોકભાઇ બ.નં.૧૨૮૨ તથા એલ.આર.પિયુષભાઇ પ્રવિણભાઇ બ.નં.૯૬૦ નાઓને સંયુક્ત ચોક્કસ બાતમી હકીકત મળેલ કે મણિનગર પો.સ્ટે.ગુ.ર.નં.-૧૧૧૯૧૦૩૨૨૦૦૦૪૪/૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાના કામના આરોપીઓ (૧) મોહમદ રઇશ ઉર્ફે માનસીક સ/ઓ રસુલભાઇ જાતે શેખ ઉ.વ.૨૭ ધંધો –મજુરી રહે બ્લોક નં-૧૯/૬૦૩ ચાર માળીયા ઓડાના મકાન અજીતમીલ પાસે રખીયાલ અમદાવાદ શહેર (૨) મોહમદ હારૂન ઉર્ફે કિટાણુ સ/ઓ મોહમદ અયુબ જાતે અંસારી ઉ.વ.૨૮ ધંધો –મજુરી રહે ખ્વાજા નગર બીલાલ મસ્જીદ પાસે બાગે કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર (૩) આસીફ ઉર્ફે રામુ સ/ઓ અબ્દુલ સત્તાર જાતે શેખ ઉ.વ.૨૯ ધંધો –મજુરી રહે જાલમપુરીની ચાલી સરસપુર શહેરકોટડા અમદાવાદ શહેરનાને તા-૧૨/૦૨/૨૦૨૦ ના કલાક ૨૦/૦૫ વાગે પકડી કાયદેસર કાર્યવાહી કરી અનડીટેક ગુનો શોધી કાઢી સારી કામગીરી કરવામા આવેલ છે



## ઘાટલોડીયા પોલીસ સ્ટેશન :

# અમદાવાદ શહેરમાં મોબાઇલની દુકાનમાંથી મોબાઇલ ફોનની ચોરી કરતા આરોપીને ચોરીની મોબાઇલ ફોન સાથે ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ

મે.પોલીસ કમીશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ શ્રી, અમદાવાદ શહેર તથા નાયબ પો.કમી.શ્રી ઝોન-૧ સાહેબ તથા મદદનીશ પોલીસ કમી.શ્રી "ક" વિભાગ સાહેબનાઓની સુચનાથી પોલીસ ઇન્સપેકટરશ્રી પી.એમ. ગામીત ઘાટલોડીયા પોલીસ સ્ટેશનનાઓએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ જે આધારે મિલ્કત સબંધી ગુનાઓ શોધવા માટે સર્વેલન્સ પો.સબ.ઇન્સ. વી.આર. પટેલ તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. લાભુભાઇ ગાંડાભાઇ બ.નં-૯૯૨૧ તથા અનાર્મ પો.કો. રાજુભાઇ લલ્લુભાઇ બ.નં-૭૨૩૯ નાઓને મળેલ બાતમી આધારે આરોપી ધર્મરાજ ઉર્ફે ધમો સ/ઓ ચન્દ્રકાન્તભાઇ જગદીશભાઇ બારોટ ઉ.વ.૨૨ ધંધો-ડ્રાઇવીંગ રહે-મ.નં-૪,ઇન્દ્રટેનામેન્ટ, પાટીદાર ચોક કે.કે.નગર ઘાટલોડીયા, અમદાવાદ શહેર મુળવતન ગામ-મોટોબારોટ વાસ રાણા નો ઢાળ ખેરાલુ તા-ખેરાલુ જી-મહેસાણાનાને ચોરીના વિવો કંપનીનો V-15 પ્રો મોડલનો બ્લુય કલરનો મોબાઇલ ફોન જેનો IMEI નં- ૮૬૨૮૨૪૦૪૭૫૩૦૪૩૧ નો વંચાતો હોય જેની કિ.રૂ-૧૫,૦૦૦/-ગણી શકાય જે સાથે પકડી પાડતા અને સદર બાબતે તપાસ કરતા ઘાટલોડીયા પોલીસ સ્ટેશન A-ગુ.ર.નં-૧૧૧૯૧૦૪૪૨૦૦૦૪૫ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી સદર મોબાઇલ ફોન ચોરીના ગુનામાં કબ્જે કરી આરોપીને તા-૧૩/૦૨/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે તેમજ આગળની વધુ તપાસ પો.સ.ઇ. વી.આર. પટેલનાઓ કરી રહ્યા છે.



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન :

## રાજસ્થાનમાંથી એક ટાટા કંપનીના ટ્રકમાં ભારતીય બનાવટના વિદેશીદારૂની સીલબંધ બોટલ કુલ નંગ-૪૩૨ કિ.રૂ.૧,૮૫,૭૬૦/- ની મતાના વિદેશીદારુ કેમીકલ પાવડર ભરેલ થેલીઓની આડમાં ભરી કવરીંગ કરી લાવી કુલ્લે કિ.રૂ.૨૭,૬૧,૭૬૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે ચાર આરોપીઓને પકડી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સા. શ્રી તેમજ ઈન્ચાર્જ મ.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન સા. શ્રી અમદાવાદશહેર નાઓએ પ્રોહિબીશનની ડ્રાઈવ સબંધે પ્રોહિબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહીલ સાહેબ તથા સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ.જે.એસ.ચૌધરી તથા પો.કો.વિજયસિંહ લાખુભા બ.નં.૬૧૭૯ તથા પો.કો.શક્તિસિંહ ઉદેસિંહ બ.નં.૫૭૩૩ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો.ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.રોહિતસિંહ રામસંગજી બ.નં.૧૨૫૨૬ તથા પો.કો.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા અને ફરતા ફરતા કલાક ૧૭/૪૫ વાગે નારોલ લાંભા ટી જંકશન પાસે આવતાં સાથેના પો.કો.વિજયસિંહ લાખુભાને ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે “ એક ટાટા કંપનીના ટ્રક નં. RJ-14-GF-0102 નો ચાલક ટ્રાન્સપોર્ટના સામાન પ્લાસ્ટીકની મીણીયાની કેમીકલ ભરેલ થેલીઓની આડમાં કેટલોક ગેરકાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારુ(IMFL) નો જથ્થો ભરી લાવી અસલાલી સર્કલ તરફથી આવી અત્રે થઈ નારોલ ટ્રાન્સપોર્ટનગર તરફ જવાનો છે. “ જે બાતમી આધારે પંચો સાથે છુટાછવાયા વોચમાં હાજર રહેતાં બાતમી હકિકતમાં જણાવેલ ટ્રક નં૰RJ-14-GF-0102 માં આરોપીઓ જીતેન્દ્રસિંઘ ગોવિંદસિંઘ જાતે રાવત ઉ.વ.૨૮ ધંધો.ડ્રાઈવીંગ રહે.ગામ.ખરનીયા (વાણ) પોસ્ટ.કાકરોદ થાના.દેવગઢ તા.દેવગઢ જી.રાજસમન્દ રાજસ્થાન રાજય + 3 = ૪ નાઓ ચલાવી લઈ આવતાં તેમાં જોતાં ભારતીય બનાવટનો વિદેશીદારુ (IMFL) ભરેલ હોય જેથી સદરી ટ્રક આરોપીઓ સાથે પો.સ્ટે. ખાતે લાવી પંચો રૂબરૂ જોતાં (૧) ભારતીય બનાવટના વિદેશીદારુ (IMFL) ની પાર્ટી સ્પેશ્યલ ડીલક્ષ વ્હીસ્કીની બોટલો નંગ-૪૩૨ કિ.રૂ.૧¸૮૫¸૭૬૦/- તથા

(૨) પ્લાસ્ટીકની મીણીયાની થેલીઓમાં કેમીકલ પાવડર ભરેલ થેલીઓ નંગ-૩૬૦ ની આશરે કિ.રૂ.૧૮,૫૪,૦૦૦/- તથા (૩) મોબાઈલ ફોન નંગ-૦૪ કિ.રૂ.૨૦૦૦૦/- તથા (૪) રોકડા નાણા રૂ.૧૯૦૦/- તથા (૫) એક ટાટા કંપનીના ટ્રક નં.RJ-14-GF-0102 ની આશરે કિ.રૂ.૭,૦૦,૦૦૦/- તથા (૫) અસલ આર.સી.બુક તથા ગાડીના અન્ય કાગળોની નકલો તથા બિલ બિલ્ટીની નકલની કિ.રૂ.૦૦/૦૦ ગણી તમામની કુલ્લે કિ.રૂ.૨૭,૬૧,૭૬૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે ચાર આરોપીઓને આજરોજ તા.૧૪/૦૨/૨૦૨૦ ના કલાક ૨૦/૩૦ વાગે પકડી અટક કરી નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ – સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૦૦૧૦૦/૨૦૨૦ ધી પ્રોહી.એકટ કલમ ૬૫(એ)(ઈ), ૬૬(બી), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ ગુનો રજીસ્ટર કરી વિદેશીદારુનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.





# “SHE TEAM” ની કામગીરીની વિગત

| | |
|---|---|
| **આનંદનગર** પો.સ્ટે. ની she team દ્વારા સ્મિત સાગર,સ્કારલેટ હાઇટસ, આંગણવાડી ની બહેનોની મુલાકાત લેવામાં આવી તથા કૃષ્ણધામ ઔડાના એક બહેનની સમસ્યા ના નિરાકરણ માટે સાંભળેલ અને મદદ કરેલ તેમજ વેલેન્ટાઈન ડે અન્વયે વિસ્તારમાં પેટ્રોલીગની કામગીરી કરી. |  |
|   |  |

મેઘાણીનગર પોલીસ સ્ટેશન વેલેન્ટાઈન ડે બંદોબસ્ત સંબંધે પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન શારદા સ્કૂલ પાસે આવતા એક સગીર રોમિયો પકડી તેના વાલીને બોલાવી માફી પત્ર લખાવેલ છે.



# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૧૪.૨.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધીĒ શરીર સબંધી પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરના જીઆઈડીસી વટવા તથા બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિત સાથે મો.સા.ઉપ્ર આવી ફરીયાદીને ચપ્પુ બતાવી ફરીયાદીનો મો.ફોન તથા રોકડા નાણાની લુંટ કરી લઈ જનાર તથા અન્ય કિસ્સામા ફરીયાદીની બહેનનો હાથ સ્પર્શ કરી છેડતી કરનાર લાકડાનો ડંડો ઉગામી જાનથી મારી નાખવાની ધમકી આપનાર માથાભારે અને ઝનુની સ્વભાવના ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે મોહસીનખાન ઉર્ફે લાખુ ઈકલાખખાન પઠાણ રહેવાસી- ડોકટર કનુભાઈની ચાલી મોનીગ્રામ પોલીસ ચોકીની પાછળ રખીયાલ અમદાવાદ શહેર વતન- જોનપુર ઉત્તરપ્રદેશ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહસીનખાન ઉર્ફે લાખુ ઈકલાખખાન પઠાણ રહેવાસી- ડોકટર કનુભાઈની ચાલી મોનીગ્રામ પોલીસ ચોકીની પાછળ રખીયાલ અમદાવાદ શહેર વતન- જોનપુર ઉત્તરપ્રદેશ |

અમદાવાદ શહેરના સેટેલાઈટ અને આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોની સાથે બોલાચાલી અને ઝઘડો કરી ગડદાપાટુનો માર મારી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપનાર તથા અન્ય કિસ્સામા પોતાના સાગરિતો સાથે મળી સાહેદની આઈ ૨૦ ગાડી ઉભી રખાવી સાહેદનુ અપહરણ કરી લઈ જઈ સાહેદને ચપ્પુ બતાવી છોડાવવા સારુ પચાસ લાખની માંગણી કરનાર માથાભારે અને ઝનુની સ્વભાવના ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે સાજન ઉર્ફે લાલો અમથાભાઈ દેસાઈ રહેવાસી- બી ૪૩ શુભ દર્શન સોસાયટી પ્રેરણાતીર્થ દેરાસર સામે આનંદનગર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સાજન ઉર્ફે લાલો અમથાભાઈ દેસાઈ રહેવાસી- બી ૪૩ શુભદર્શન સોસાયટી પ્રેરણાતીર્થ દેરાસર સામે આનંદનગર અમદાવાદ |

અમદાવાદ શહેરના નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા પોતાના સાગરિતો સાથે મળી બારેજા ખાતેથી ગે.કા.નો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પોતાના રહેણાક વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસર વગર પાસ પરમીટના દેશી દારુનુ વેચાણ કરનાર ઈસમ નામે સંજય રમેશભાઈ લોધા રહેવાસી- ભવનપુરાની પીઠ રાયપુર દરવાજા પાસે રાયપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સંજય રમેશભાઈ લોધા રહેવાસી- ભવનપુરાની પીઠ રાયપુર દરવાજા પાસે રાયપુર અમદાવાદ |

આ ઉપરાંત શરીરસબંધી તથા પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૩ ઇસમ મળી **કુલ્લે ૬ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને સુરત, રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.